### આણંદમાં એનાલોગ પનીર-ચીઝના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ પર કાર્યવાહી

# આણંદની ૧૩ નામાંકિત હોટેલ-રેસ્ટોરન્ટમાં ફૂડ વિભાગની તપાસ

**ફૂડ વિભાગ** દ્વારા બિલોની તપાસ સાથે રસોડામાં પણ સઘન ચેકિંગ કરાઇ



(પ્રતિનિધિ) આણંદ તા.૭

ગુજરાત સરકાર દ્વારા એનાલોગ પનીર, એનાલોગ ચીઝ અને એનાલોગ બટરના ઉપયોગ તેમજ વેચાણ પર લાદવામાં આવેલા પ્રતિબંધ બાદ આણંદ જિલ્લાનું તંત્ર હરકતમાં આવ્યું છે. નાગરિકોના આરોગ્ય સાથે થતા ખતરનાક ખેલ રોકવા માટે આણંદ જિલ્લા ફૂડ સેફ્ટી વિભાગે આક્રમક 'એક્શન મોડ' ધારણ કરીને સમગ્ર જિલ્લામાં વ્યાપક તપાસ અભિયાન છેડ્યું છે.

આણંદમાં ૧૩ એકમોમાં ઓચિંતી તપાસ સરકારના તાજેતરના જાહેરનામાના કડક અમલીકરણ માટે ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમોએ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ત્રાટકી હતી. આ ઝુંબેશ હેઠળ કુલ ૧૩ જેટલી હોટેલ અને રેસ્ટોરન્ટ્સમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ફૂડ વિભાગની આ તવાઈમાં માત્ર એનાલોગ ઉત્પાદનો જ નહીં, પરંતુ રસોડાની સ્વચ્છતા, ખાદ્યપદાર્થોના સંગ્રહની પદ્ધતિ અને વપરાશમાં લેવાતા કાચા માલની ગુણવત્તાની પણ બારીકાઈથી સમીક્ષા કરવામાં આવી હતી.

#### નિયમ તોડનારા સામે કડક કાર્યવાહી થશે

ફૂડ સેફ્ટી વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો કોઈ પણ એકમ પ્રતિબંધિત એનાલોગ ઉત્પાદનો વેચતા કે વાપરતા પકડાશે, તો તેમની સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ આકરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

#### કાયદાકીય સકંજો

બિલો અને દસ્તાવેજોની ચકાસણી સંચાલકો દ્વારા પ્રતિબંધિત એનાલોગ પનીર કે ચીઝનો છૂપો વપરાશ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓએ ખરીદીના બિલો અને સંબંધિત દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરી હતી. તમામ ફૂડ બિઝનેસ ઓપરેટરોને કડક સૂચના આપવામાં આવી છે કે કોઈપણ સંજોગોમાં પ્રતિબંધિત ખાદ્યપદાર્થોનો ઉપયોગ કરવો નહીં.

### પ્રતિબંધિત એનાલોગ પનીર-ચીઝના વેચાણ પર તંત્રની લાલ આંખ

# ખેડા જિલ્લામાં ૩૭ સ્થળોએ દરોડા, શંકાસ્પદ ૪ નમૂના લેવાયા

ફૂડ સ્ટોલ અને ઉત્પાદક એકમોમાં સઘન ચેકિંગ કરાયું



(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

ખેડા જિલ્લામાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા ભેળસેળિયા તત્વો સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ કડક કાર્યવાહી શરૂ કરી છે. રાજ્ય સરકાર દ્વારા એનાલોગ પનીર અને ચીઝ પર મૂકવામાં આવેલા પ્રતિબંધની કડક અમલવારી કરાવવા માટે નડિયાદ સહિત સમગ્ર જિલ્લામાં તપાસનો ધમધમાટ તેજ બન્યો છે.

ગુજરાત રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનરના ૫ ઓગસ્ટ ૨૦૨૬ના આદેશ બાદ, ૬ ઓગસ્ટથી ખેડા જિલ્લામાં ખાસ તપાસ અભિયાન હાથ ધરાયું છે. તંત્રની ટીમોએ અત્યાર સુધીમાં નડિયાદ શહેર અને અન્ય તાલુકાઓમાં કુલ ૩૭ જેટલા ફૂડ સ્ટોલ, રેસ્ટોરેન્ટ અને પનીર બનાવતા ૭ ઉત્પાદક એકમોમાં ઝીણવટભરી તપાસ કરી છે. આ સઘન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ જણાતા પનીરના ૪ નમૂનાઓ લઈને તેને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપવાની તજવીજ હાથ ધરાઈ છે.

તંત્રના અધિકારીઓના જણાવ્યા મુજબ, નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્યચીજો મળી રહે તે માટે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

#### શા માટે લેવાયા કડક પગલાં?

રાજ્યમાં 'એનાલોગ ઈન ડેરી કોન્ટેક્ષ' હેઠળ વનસ્પતિ ચરબી કે અન્ય મિશ્રણમાંથી બનતા પનીર અને ચીઝના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. સ્વાસ્થ્યની સુરક્ષા અને છેતરપિંડી રોકવા માટે તંત્ર દ્વારા આ આદેશની અમલવારી શરૂ કરવામાં આવી છે.

# ગળતેશ્વરના વકીલોએ હાઈકોર્ટના નવા ફોર્મેટના પરિપત્રનો વિરોધ કર્યો

**ચોક્કસ ફોન્ટ અને** કોમ્પ્યુટરાઈઝડ ફોર્મેટની અનિવાર્યતા સામે મંડળનો રોષ



(પ્રતિનિધિ) સેવાલીયા તા.૭

ગુજરાત હાઈકોર્ટ દ્વારા કાયદાકીય અરજીઓ અને દસ્તાવેજોમાં ચોક્કસ પ્રકારના ફોન્ટ તેમજ કોમ્પ્યુટરાઈઝડ ફોર્મેટ ફરજિયાત કરવાના નિર્ણય સામે ગળતેશ્વર તાલુકા વકીલ મંડળે બાંયો ચઢાવી છે. આ ટેકનિકલ ફેરફારોના વિરોધમાં આજે તાલુકાના તમામ વકીલોએ કામકાજથી અળગા રહીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

ગળતેશ્વર તાલુકા વકીલ મંડળની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા પરિપત્રો અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. આ અંગે વકીલ મંડળના જણાવ્યા અનુસાર, હાઈકોર્ટના નવા નિયમો મુજબ હવે તમામ કાયદાકીય કામકાજમાં ચોક્કસ ફોન્ટ અને ફોર્મેટનો ઉપયોગ કરવો ફરજિયાત છે. જોકે, તાલુકા કક્ષાએ પ્રેક્ટિસ કરતા વકીલો અને ગ્રામ્ય વિસ્તારના અરજદારો માટે આ પ્રકારની જટિલ ટેકનિકલ શરતોનું પાલન કરવું વ્યવહારિક રીતે ખૂબ જ મુશ્કેલ છે.

આ પરિપત્ર સામે વિરોધ દર્શાવવા માટે વકીલ મંડળ દ્વારા સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને આજે કોર્ટની કામગીરીથી દૂર રહ્યા હતા. અને જણાવ્યું કે આવી શરતોને કારણે ન્યાય મેળવવાની પ્રક્રિયામાં અવરોધ ઊભો થઈ શકે છે.

# ગોધરામાં રસોઈ બનાવતા નથી આવડતી કહી પરિણીતાને કાઢી મૂકી

**લગ્નના છ જ** દિવસમાં ૨૪ વર્ષીય નુસરતબાનુ પર શરૂ થયો હતો અત્યાચાર

(પ્રતિનિધિ) ગોધરા, તા.૭

ગોધરાના અબદાલવાડા વિસ્તારમાં રહેતી ૨૪ વર્ષીય પરિણીતા નુસરતબાનુ પર લગ્નના માત્ર છ જ દિવસમાં સાસરીયાઓએ અમાનુષી ત્રાસ ગુજારવાનું શરૂ કરતા ચકચાર મચી ગઈ છે.

અત્યાર સુધી મૌન રહેલી પીડિતાએ આખરે હિંમત દાખવી પતિ, જેઠ-જેઠાણી અને કાકા-કાકી સસરા વિરુદ્ધ મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નુસરતબાનુના લગ્ન ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ગોધરાના એજાજભાઈ ઝાકીરભાઈ શેખ સાથે થયા હતા

લગ્નના થોડા જ દિવસો બાદ પતિ એજાજ, જેઠ સેહજાદ અને જેઠાણી શેરબાનુએ "તને જમવાનું બનાવતા નથી આવડતું" અને "તારું મગજ ચાલતું નથી" જેવા ખોટા આરોપો લગાવી માનસિક તથા શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ વિવાદમાં બાજુમાં રહેતા કાકા સસરા શબ્બીર શેખ અને કાકી સાસુ હફીઝાએ પણ પરિણીતાને માનસિક બીમાર ચિતરી પતિને બીજા લગ્ન કરાવી દેવાની લાલચ આપી ચઢામણી કરી હતી. આખરે ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાસરીયાઓએ તેણીને તેના પિતા સાથે પિયર ભેગી કરી દીધી હતી. પિયર પક્ષ દ્વારા કરવામાં આવેલા કાઉન્સેલિંગના પ્રયાસો છતાં પતિએ તેણીને સાથે રાખવાની સ્પષ્ટ ના પાડી દેતા નુસરતબાનુએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# ખેડાના મંદિરમાં તસ્કરો ૭.૫ કિલો ચાંદીના દાગીના ચોરી ગયા

**ખેડીયા** હનુમાનજી મંદિરમાં સીસીટીવી કેમેરાના વાયર પણ કાપી ચોરી કરી



(પ્રતિનિધિ) ખેડા તા.૭

ખેડા ટાઉન પોલીસ મથકની હદમાં આવેલા સુપ્રસિદ્ધ ખેડીયા હનુમાનજી મંદિરમાં ગત મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ તાળા તોડી મંદિરમાંથી લાખોની કિંમતના ચાંદીના અલંકારોની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. તસ્કરોએ સીસીટીવી કેમેરાના વાયર પણ કાપી નાખ્યા હતા જેથી તેમની ઓળખ છુપાવી શકાય.

ખેડાના રહેવાસી અને મંદિરના પુજારી હિતેશકુમાર બિહારીભાઈ ભટ્ટ જ્યારે શુક્રવારે વહેલી સવારે 5:30 વાગ્યે નિત્યક્રમ મુજબ પૂજા આરતી માટે મંદિર પહોંચ્યા ત્યારે તેમને મંદિરના દરવાજાના તાળા તૂટેલી હાલતમાં જણાયા હતા. તપાસ કરતા માલૂમ પડ્યું કે કોઈ અજાણ્યા ઈસમોએ ગત રાત્રિના 8:45 થી સવારના 5:30 ના સમયગાળા દરમિયાન મંદિરના લાકડાના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

મંદિરમાં ત્રાટકેલા તસ્કરો ગર્ભગૃહમાં રહેલા ભગવાનના શણગારના વિવિધ અલંકારોમાં આશરે 2.25 કિલો વજનની ચાંદીની ગદા, ચાંદીનું છત્ર, ચાંદીની પાદુકા અને ચાંદીની આરતી, શ્રીરામ લખેલી ચાંદીની તકતી અને ચાંદીનું તિલક આ તમામ 16 જેટલી વસ્તુઓનું કુલ વજન આશરે 7 કિલો 500 ગ્રામ થાય છે, જેની બજાર કિંમત 3,57,500 અંકાય છે. આ અંગે ખેડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મહીસાગરમાં સ્વસહાય જૂથો અને આંગણવાડી કાર્યકરો દ્વારા સ્તનપાન અંગે જનજાગૃતિ અભિયાન યોજાયુ

**લુણાવાડા |** મહીસાગર જિલ્લામાં 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે ગ્રામીણ વિસ્તારોમાં માતા અને શિશુના ઉત્તમ સ્વાસ્થ્ય માટે સઘન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આંગણવાડી કાર્યકરો અને સ્વસહાય જૂથો દ્વારા ખોટી માન્યતાઓ દૂર કરી નવજાત શિશુને પ્રથમ દૂધ 'કોલોસ્ટ્રમ' આપવા અંગે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. સ્તનપાનની સફળતા માટે માતાને પૂરતો આહાર, આરામ અને પરિવારનો સહયોગ મળી રહે તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. SHG અને સમુદાયનો સાથ ના મંત્ર સાથે જિલ્લા વહીવટી તંત્ર આ સંદેશને ઘર-ઘર સુધી પહોંચાડીને શિશુઓના સ્વાસ્થ્યમાં ગુણાત્મક સુધારો લાવવા કાર્યરત છે.



### નડિયાદમાં પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યશાળામાં ખેડૂતોએ ખેતીમાં પરિવર્તન લાવવા સંકલ્પ કર્યો



**નડિયાદ |** નડિયાદ ખાતે યોજાયેલ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક પાયા અને ઓછા ખર્ચે વધુ ટકાઉ ઉત્પાદન મેળવવાના ઉપાયોનું માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે પર્યાવરણ જાળવણી અને માનવ સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતીના મહત્વ અને તેનાથી થતા લાભો અંગે ખેડૂતોને સવિસ્તાર માહિતગાર કરાયા હતા. તાલીમમાં ખેડૂતોએ ઉત્સાહપૂર્વક જોડાણ કરી આધુનિક પદ્ધતિઓ વિશે જાણકારી મેળવી ખેતીના નવા યુગમાં ડગ માંડવાની ઉત્સુકતા બતાવી હતી. અંતમાં, તમામ સહભાગી ખેડૂતોએ પોતાના ખેતરોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓનો અમલ કરી ખેતીને સમૃદ્ધ બનાવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદના સંતરામ તપોવન વિદ્યાપીઠ ખાતે વિદ્યાર્થીઓ માટે ફાયર મોક ડ્રિલનું સફળ યોજાઇ



**નડિયાદ |** મહંત રામદાસજી મહારાજ અને સંત સત્યદાસજી મહારાજની દેખરેખ હેઠળ વિદ્યાપીઠમાં ફાયર સેફ્ટી અંગે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ફાયર વિભાગ દ્વારા પ્રિ-પ્રાયમરી અને પ્રાયમરીના બાળકોને આગથી બચવાના સુરક્ષા ઉપાયોનું જીવંત પ્રદર્શન અને માર્ગદર્શન અપાયું હતું. વિદ્યાર્થીઓને આપત્તિના સમયે શાંતિ જાળવવા, સુરક્ષિત રીતે સ્થળ ખાલી કરવા અને ફાયર એક્સ્ટિંગ્વિશરનો ઉપયોગ કરતા શીખવવામાં આવ્યું હતું. આ પ્રાયોગિક તાલીમ દ્વારા બાળકોમાં અકસ્માત સમયે સ્વબચાવ અને જાગૃતિ કેળવાય તે હેતુથી આ સચોટ આયોજન કરવામાં આવ્યું હતું.

### સરદાર પટેલ યુનિ.ના સંસ્કૃત વિભાગમાં 'ભરતમુનિનું રસસૂત્ર' પર વિશિષ્ટ વ્યાખ્યાન યોજાયું

**આણંદ |** એસ.પી. યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા આયોજિત વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા પ્રો. રાકેશકુમાર પટેલે નાટ્યશાસ્ત્રના રસસિદ્ધાંતની વિસ્તૃત સમજૂતી આપી હતી. તેમણે વિભાવ, અનુભાવ અને વ્યભિચારિભાવ જેવી શાસ્ત્રીય સંકલ્પનાઓને દૈનિક જીવનના સરળ ઉદાહરણો દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓ સમક્ષ સ્પષ્ટ કરી હતી. વિભાગના કાર્યકારી અધ્યક્ષ પ્રો. મહેન્દ્ર નાયીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું સંચાલન ડો. પ્રિયંક રાવલ અને દેવાંશી ભિન્ડે દ્વારા કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં મોટી સંખ્યામાં સંશોધકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને અંતમાં શ્રેયા પરમારે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.



### આણંદમાં વેદાંત કુમાર મહોદયની નિશ્રામાં હિંડોળા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઇ

**આણંદ |** આણંદમાં હિંડોળા ઉત્સવમાં પધારેલા પૂજ્યશ્રીનું નાની બાલિકા દ્વારા માલ્યાર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીએ મહોત્સવનું આધ્યાત્મિક મહત્વ સમજાવી ઉપસ્થિત ભક્તોને સુંદર વચનામૃતનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટીઓ, સામાજિક આગેવાનો અને વિશાળ સંખ્યામાં વૈષ્ણવોએ અલૌકિક દર્શનનો લ્હાવો લીધો હતો. હરિને હેતથી ઝૂલે ઝુલાવવાના આ અવસરે તમામ ભક્તો ભક્તિમય બની ભાવવિભોર થયા હતા.



### સરદાર પટેલ યુનિવર્સિટીના કાયદા વિભાગના વિદ્યાર્થીઓએ તારાપુર અદાલતની મુલાકાત લીધી



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક કાયદા વિભાગ દ્વારા તારાપુર તાલુકા અદાલતની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ પ્રો. ડો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ મુલાકાતમાં ૨૭ વિદ્યાર્થીઓ અને ૪ અધ્યાપકોએ પ્રત્યક્ષ કાર્યવાહીનું અવલોકન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ અદાલતના સંચાલન અને કાનૂની વ્યવહાર સાથે જોડાયેલી ન્યાયિક પ્રક્રિયાઓ વિશે પાયાનું વ્યવહારુ જ્ઞાન મેળવ્યું હતું. અધ્યાપક દ્વિતી વ્યાસ દ્વારા આયોજિત આ મુલાકાતથી વિદ્યાર્થીઓની પ્રવર્તમાન કાનૂની વ્યવસ્થા વિશેની સમજમાં નોંધપાત્ર વધારો થયો છે.

**જાહેર હરાજી**

આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ વ્યક્તિઓને જણાવવાનું કે મોજે કણભા તા. બોરસદ જી.આણંદ ખાતે પંચાયત હસ્તકના અંદાજિત ૧૦૦ મણથી વધુનો લીમડાના ઝાડ નંગ ૨ પડી ગયેલ છે જેની અપસેટ કિંમત ૧૧૫૦૦/- ( અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસો રૂપિયા) અને જેની જાહેર હરાજી તા. ૧૦/૦૮/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૨:૦૦ કલાકે કણભા ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઈસમે ડીપોઝીટ પેટે ૧૦૦૦/- (રૂપિયા હજાર) રકમ હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે. ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિઓને નિયત તારીખે સમયે અને સ્થળે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

લિ. તલાટી કમ મંત્રીશ્રી/સરપંચશ્રી
કણભા ગ્રામ પંચાયત
તા. બોરસદ, જી. આણંદ

**માલવણ એજ્યુકેશન સોસાયટીની**

**જાહેરાત સુધારો**

ગત તા:- ૭-૮-૨૦૨૬ના રોજ માલવણ એજ્યુકેશન સોસાયટીની ગુજરાત મિત્ર જિલ્લા આવૃત્તિમાં જે જાહેરાત ગૃહપતિ -૧ એસ.સી એમ શરતચૂકથી પ્રસિદ્ધ થયેલ છે, તેને બદલે એસ.ટી (S.T) એમ સુધારો વાંચી ફક્ત એસ.ટી (S.T) ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

મંત્રીશ્રી : માલવણ એજ્યુકેશન સોસાયટી
C/O આર્ટસ કોલેજ,માલવણ. મુ, પો માલવણ,
તા : કડાણા, જિ: મહીસાગર

### કપડવંજ લાયન્સ ક્લબ દ્વારા સેવા સપ્તાહ અંતર્ગત વિવિધ સેવાકાર્યોનો પ્રારંભ

**કપડવંજ |** લાયન્સ ક્લબ કપડવંજ દ્વારા ૯મી ઓગસ્ટ દરમિયાન સેવા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે પ્રથમ દિવસે જરૂરતમંદ બહેનોને સાડી વિતરણ કરી પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ક્લબ પ્રમુખ મુકેશ તલાટી સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ડિસ્ટ્રિક્ટ ગવર્નર અશોક જૈને વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર સપ્તાહ દરમિયાન સાયકલ અને ડ્રેસ વિતરણ, નવજાત શિશુઓને સહાય તેમજ દિવ્યાંગ બાળકોને નાસ્તો આપવા જેવા અનેક સેવાકીય કાર્યોનું આયોજન છે. ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ એફ-૧ માં અગ્રેસર એવી આ ક્લબ દ્વારા આંગણવાડીના બાળકોને પૌષ્ટિક આહાર આપીને આ સેવાયજ્ઞને વેગવંતો બનાવવામાં આવશે.



**જાહેર હરાજી**

આથી જણાવવામાં આવે છે કે ચુવા ગ્રામ પંચાયત (તા. બોરસદ, જી. આણંદ)ના રાવણાપુરા વિસ્તારમાં આવેલી આંગણવાડીના કાટમાળની હરાજી તા. ૧૧/૮/૨૦૨૬ના રોજ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તો ઈચ્છુક વ્યક્તિઓને હરાજીમાં હાજર રહેવાનું આમંત્રણ છે.

અપસેટ કિંમત : રૂ. ૬૭૭૦/-
હરાજીની તારીખ : ૧૧/૮/૨૦૨૬
સમય : બપોરે ૧૨:૦૦ કલાકે
સ્થળ: ગ્રામ પંચાયત કચેરી, ચુવા

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત ચુવા,
તા. બોરસદ, જી. આણંદ

**AMUL DAIRY, ANAND, GUJARAT, INDIA.**
KAIRA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD
ANAND 388 001, Gujarat, India. Phone: (02692) 256124, 256224, 256324

**Tender Notice**

Kaira District Co-operative Milk Producers' Union Limited, Anand, popularly known as Amul Dairy having an annual turnover of Rs. 15,000+ crores, invites sealed tenders from eligible bidders for following activity.

| Description | EMD | Duration |
| --- | --- | --- |
| O&M CONTRACT FOR MILK, CURD & BUTTERMILK POUCH PACKING - ANAND PLANT, GUJARAT. | Rs. 10,00,000/- | One year (2026-2027) |

The details of E-tender can be downloaded free of cost from the Website http://tender.amuldairy.com after online registration.

The on-line tender will be available for access from Dt.08-08-2026 to Dt. 17-08-2026. The completed tender in physical form will be received up to 17-00 hours on 17-08-2026 by Senior Manager (Purchase), Amul Dairy, Anand 388 001, Gujarat, India.

Details regarding eligibility criteria, specifications and other conditions are available in the tender format from the above website. The Amul Dairy reserves the right to accept or reject any or all the tenders without assigning any reason thereof.

Date: 08-08-2026 Managing Director